વિકસતી જાતિ કલ્યાણ પ્રભાગ તેમજ અનુસૂચિત જાતિ કલ્યાણ પ્રભાગ હસ્તકની અનુદાનિત નિવાસી પ્રાથમિક શાળાઓ (આશ્રમશાળાઓ)માં તાસદીઠ મનદવેતનથી શિક્ષણ કાર્ય કરવા બાબત

ગુજરાત સરકાર

સમાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

ઠરાવ ક્રમાંક: SJED/EOD/e-file/17/2022/2257/A sec.

સચિવાલય, ગાંધીનગર

તા.૨૫/૦૮/૨૦૨૩

વંચાણે લીધાં:-

(૧) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનો તા:૧૪/૧૨/૨૦૨૨નો ઠરાવ ક્રમાંક: સશપ/૧૩૨૦૨૦/૩૯૧૭૫૬/અ

(૨) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનો તા:૨૭/૦૯/૨૦૨૨નો ઠરાવ ક્રમાંક: અસમ/૧૦૨૦૨૦/૭૨૮/ક

(૩) નિયામકશ્રી,વિકસતી જાતિ કલ્યાણનો તા:૨૧/03/૨૦૨૩નો પત્રાંક: વિજાક/અમશ/૨૦૨૨-૨૩/૪૪

(૪) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણનો તા:૨૭/૦૬/૨૦૨૩નો પત્રાંક: DSCWG/૦૧૮/૦૬/૨૦૨૩

(૫) શિક્ષણ વિભાગનો તા.૨૦/૧૨/૨૦૨૧નો ઠરાવ ક્રમાંક: બમશ/૧૦૧૪/૧૪૦/ગ

**આમુખ :-**

વંચાણે લીધેલ ક્રમ (૧) ના ઠરાવથી વિકસતી જાતિ કલ્યાણ પ્રભાગ હસ્તકની અનુદાનિત નિવાસી પ્રાથમિક શાળાઓ (આશ્રમશાળાઓ) ની અને વંચાણે લીધેલ ક્રમ (૨) ના ઠરાવથી અનુસૂચિત જાતિ કલ્યાણ પ્રભાગ હસ્તકની અનુદાનિત નિવાસી પ્રાથમિક શાળાઓ (આશ્રમશાળાઓ) ની ખાલી શૈક્ષણિક જગ્યાઓ નિયમિત ધોરણે ભરાય અથવા શૈક્ષણિક સત્ર પૂર્ણ થાય તે પૈકી જે વહેલું હોય ત્યાં સુધી બાળકોનું શૈક્ષણિક કાર્ય અટકે નહીં તે માટે તાસદીઠ માનદવેતન (Honorarium Per Period) થી શિક્ષણ કાર્ય કરવાનું ઠરાવવામાં આવેલ છે. તાસદીઠ માનદ વેતનથી શિક્ષણ કાર્ય કરવાની પદ્ધતિ વિકસતી જાતિ કલ્યાણ અને અનિસૂચિત જાતિ કલ્યાણ એમ બંને પ્રભાગો હસ્તકની આશ્રમશાળાઓના બાળકોના શૈક્ષણિક હિત માટે હાલ ચાલુ રાખવી આવશ્યક હોઇ, આ માટે શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪ પૂર્ણ થાય અથવા નિયમિત શિક્ષક ઉપલબ્ધ થાય એ બેમાંથી જે વહેલું હોય ત્યાં સુધી માનદવેતનથી શિક્ષણ કાર્ય ચાલુ રાખવા અને વંચાણે લીધેલ ક્રમ (૫) ના શિક્ષણ વિભાગના ઠરાવ મુજબ તાસદીઠ માનદ વેતનમાં વધારો કરવા માટે નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણની કચેરીના વંચાણે લીધેલ ક્રમ (૩) અને નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરીના વંચાણે લીધેલા ક્રમ (૪) ના પત્રોથી અત્રે દરખાસ્ત કરવામાં આવેલ. જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ :-**

સક્ષમ કક્ષાએ થયેલ પુખ્ત વિચારણાને અંતે, નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ હસ્તકની અનુદાનિત નિવાસી પ્રાથમિક શાળાઓ (આશ્રમશાળાઓ) ની ખાલી ૧૪૪ શૈક્ષણિક જગ્યાઓ અને નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ પ્રભાગ હસ્તકની અનુદાનિત નિવાસી પ્રાથમિક શાળઓ (આશ્રમશાળાઓ) ની ખાલી ૧૪૭ જગ્યાઓ નિયમિત શિક્ષકથી ભરાય અથવા એક શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪ પૂર્ણ થાય- આ બંનેમાંથી જે વહેલું હોય તેટલા સમયગાળા માટે નીચે મુજબ તાસદીઠ સુધારેલ માનદ વેતન (Honorarium Per Period) થી શિક્ષણ કાર્ય કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

| વિગત | તાસદીઠ માનદ વેતન | મહત્તમ દૈનિક તાસ | મહત્તમ દૈનિક માનદ વેતન | માસિક મહત્તમ ઉચ્ચક માનદ વેતન |
|---|---|---|---|---|
| આશ્રમશાળાઓ(વિકસતી જાતિ કલ્યાણ પ્રભાગ અને અનુસૂચિત જાતિ કલ્યાણ પ્રભાગ હસ્તકની) | રૂ.૮૫/- | ૬ તાસ | રૂ.૫૧૦/- | રૂ.૧૦,૫૦૦/- |

આ સિવાય વિકસતી જાતિ કલ્યાણ પ્રભાગ હસ્તકની આશ્રમશાળાઓ તેમજ અનુસૂચિત જાતિ કલ્યાણ પ્રભાગ હસ્તકની આશ્રમશાળાઓ માટે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના અનુક્રમે વંચાણે લીધેલા ક્રમ (૧) અને (૨)ના ઠરાવોની અન્ય તમામ જોગવાઇઓ યથાવત રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર સરકારશ્રીની તા:૧૮/૦૮/૨૦૨૩ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

eSign Signed by: Harit Rajendra Doshi
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 25-Aug-2023 (05:49 PM)

(હરિત આર. દોશી)

સેકશન અધિકારી

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

<u>નકલ રવાના:-</u>

- માન.મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવશ્રી,સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી (નાણા) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી (સામાજિક ન્યાય અને અધિકારીતા)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી (સામાજિક ન્યાય અને અધિકારીતા)ના અંગત સચિવશ્રી. સ્વર્ણિમ સંકુલ-૨, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રીના અંગત મદદનીશશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રીના અંગત મદદનીશશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણાં સલાહકારશ્રી (સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ), સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, બ્લોક નં. ૪/૩, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, અનુસૂચિત જતિ કલ્યાણ, બ્લોક નં. ૪/૨, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ.
- સેક્શન અધિકારીશ્રી (બજેટ શાખા), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી (ક-શાખા), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી (કમ્પ્યુટર સેલ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- શાખા સિલેક્ટ ફાઈલ